# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

### સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા અંગે ઓનલાઇન અરજીઓ મેળવવાની જાહેરાત વર્ષ ૨૦૨૫–૨૬

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત, આર્થિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી ડિગ્રી, ડિપ્લોમાં, આર્ટસ અને કોમર્સના સ્નાતક, અનુસ્નાતક તેમજ ધો.૧૧–૧૨ ના તમામ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની પૂરતી તક આપવાના હેતુ માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા સરકારી છાત્રાલયોની સવલત આપવામાં આવે છે. જે સરકારી છાત્રાલયોની યાદી esamajkalyan.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. આ સરકારી છાત્રાલયોમાં ચાલુ શૈક્ષણિક **વર્ષ ૨૦૨૫–૨૬** માટે પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે esamajkalyan.gujarat.gov.in પર **તા.૨૬/૫/૨૦૨૫ થી તા.૩૦/૬/૨૦૨૫** સુધી ઓનલાઇનથી અરજીઓ મંગાવવામાં આવે છે.

1. સરકારી છાત્રાલયમાં ફ્રેશ (નવા) અને રીન્યુઅલ (જુના) વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઇન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે.
2. સરકારી છાત્રાલયના રીન્યુઅલ વિદ્યાર્થી એટલે કે અગાઉના વર્ષમાં રેગ્યુલર સીટ ઉપર પ્રવેશ મેળવેલ હોય તેમને ગત વાર્ષિક પરિક્ષામાં યુનિવર્સિટી માન્ય ગણતરી પ્રમાણે છેલ્લા બે સેમીસ્ટરની સરેરાશ ટકાવારી ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય તેવા કિસ્સામાં ૫૦% કે તેથી વધુ સમકક્ષ ગ્રેડેશન હોવા જોઇએ.
3. સરકારી છાત્રાલયોમાં "એ ગૃપ" મેડિકલ/ઇજનેરી અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમોના ફ્રેશ વિદ્યાર્થીઓ માટે **વર્ષ ૨૦૨૫–૨૬** ની કોલેજ/સંસ્થા દ્વારા પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય ત્યારે અલગથી જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવશે.
4. પ્રવેશની અરજી કરનાર ફ્રેશ વિદ્યાર્થીએ વાર્ષિક પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇશે. જે વિદ્યાર્થીઓને અગાઉના વર્ષમાં સરકારી છાત્રાલયમાં ડીફર સીટ પર એટલે કે માત્ર એક વર્ષ માટે જ શરતી પ્રવેશ આપેલ છે તેમને પણ ફ્રેશ વિદ્યાર્થી તરીકે જ અરજી કરવાની રહેશે.
5. સરકારી છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે આવક મર્યાદા વાર્ષિક રૂ.૬.૦૦ લાખ રહેશે.
6. વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ નિકાળી તેની ખરાઈ કરી લેવાની રહેશે. જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો esamajkalyan.gujarat.gov.in મા Withdraw Application ની મદદથી જાહેરાતની સમયમર્યાદામાં જૂની અરજી રદ કરી નવેસરથી અરજી કરવાની રહેશે.
7. ઓનલાઇન અરજી ફોર્મ ભરતા સમયે વિદ્યાર્થી/વાલી દ્વારા નામ, સરનામુ, જાતિ, જ્ઞાતિ/પેટા જ્ઞાતિ, માર્ક/ટકાવારી, સરકારી છાત્રાલયની પસંદગી તેમજ અન્ય તમામ વિગતો ચોકસાઈપૂર્વક ભરવાની રહેશે. અરજી સબમીટ કરતા પહેલા ફોર્મમા ભરેલ તમામ વિગતો યોગ્ય છે કે કેમ તેની ખાતરી કરી લેવાની રહેશે. અરજી ફોર્મમા ખોટી વિગતો ભરેલ હશે તો તેવા વિદ્યાર્થીની અરજી રદ થવા પાત્ર રહેશે, જેની તમામ જવાબદારી વિદ્યાર્થી/વાલીની રહેશે.
8. ઓનલાઇન અરજી કરેલ રીન્યુઅલ અને ફ્રેશ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજીની કોપી અને અપલોડ કરેલ ડોક્યુમેન્ટની હાર્ડકોપી જે તે જિલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ની કચેરીમાં જમા કરાવવાની રહેશે. હાર્ડકોપી જમા કરાવતી વખતે અસલ પ્રમાણપત્રો પણ સાથે લઈ જવા. જેની રૂબરૂમાં ચકાસણી કરવામાં આવશે. આ કામગીરી વિદ્યાર્થીએ અરજી કર્યાથી મોડામાં મોડા **તા.૦૩/૦૭/૨૦૨૫** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ડોક્યુમેન્ટની હાર્ડકોપી જમા ન કરાવનારની અરજી મંજૂરી પ્રક્રિયા કે મેરીટમાં ધ્યાને લેવામાં આવશે નહી. તેની તકેદારી રાખવી.
9. જો કોઈ વિદ્યાર્થીની ઓનલાઇન ફોર્મમાં ભરેલ પરીક્ષાના ગુણની ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના પ્રમાણપત્રોમાં તફાવત જણાશે તો તેવા અરજદારોને પ્રવેશ આપવામાં આવશે નહિં.
10. વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહિં. સરકારશ્રીએ ઠરાવેલ નિયમોનુસાર અરજી મંજૂર કરીને મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.
11. સરકારી છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો esamajkalyan.gujarat.gov.in પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ સરકારી છાત્રાલય અંગેની વિશેષ માહિતી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતિ)ની કચેરીમાંથી પણ મળી રહેશે.
12. જે સરકારી છાત્રાલયોમા પ્રવેશ માટે ઓછી અરજીઓ આવેલ હશે તે સરકારી છાત્રાલયોમા પ્રવેશ માટે વધુ અરજીઓ મેળવવા esamajkalyan.gujarat.gov.in પર નોટીફીકેશન મુકી પ્રવેશ અંગેની અરજીઓ મંગાવવામા આવશે. જેથી, સરકારી છાત્રાલયમા પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક વિદ્યાર્થીઓએ સમયાંતરે પોર્ટલ પર નોટીફીકેશ જોવાની રહેશે.
13. સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટે છાત્રાલયના મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યા ધ્યાને લઈ નિયમોનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત, આર્થિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર પેટાઅનામત (Subquota) મુજબ બેઠકો ફાળવવામાં આવે છે. જેમાં, સૌપ્રથમ રીન્યુઅલ વિદ્યાર્થીઓને નિયમોનુસાર પ્રવેશ આપ્યા બાદ મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યાને ધ્યાને લઈ ખાલી રહેતી જગ્યાઓમાં નિયમોનુસાર મેરીટથી ફ્રેશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

સહી/–
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૨૪/૦૫/૨૦૨૫